**કરજણ પોલીસની સફળતા: હત્યાનો ભેદ ઉકેલી આરોપી રતિલાલ વસાવાને જેલના સળિયા પાછળ ધકેલાયો**

## કરજણના કુરાલીનો મર્ડર કેસ ઉકેલાયો: વ્યાજખોરીનો કરુણ અંજામ

**વ્યાજખોરીના** દબાણમાં મિત્ર જ બન્યો કાળ, ગળું દબાવી કરી હત્યા

**કરજણના** કુરાલીમાં વ્યાજખોરીના દૂષણે લીધો જીવ: પૈસાની અવારનવાર ઉઘરાણીથી કંટાળી દેવાદારે જ કરી કનકસિંહની હત્યા

(પ્રતિનિધિ) કરજણ , તા.27
વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કુરાલી ગામમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકમાં ખળભળાટ મચાવ્યો છે. કનકસિંહ ચૌહાણ નામના વ્યક્તિની હત્યાનો ભેદ ઉકેલાતા જે વિગતો બહાર આવી છે, તે વ્યાજખોરીના દૂષણ અને તેના ભયાવહ પરિણામો પર પ્રકાશ પાડે છે. આ કેસ માત્ર એક ગુનાહિત કૃત્ય નથી, પરંતુ સમાજમાં વ્યાપ્ત આર્થિક તણાવ અને માનસિક દબાણનું પણ પ્રતિબિંબ છે.





ઘટનાની શરૂઆત ૧૮ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ થઈ, જ્યારે કનકસિંહ ચૌહાણ ગુમ થયાની ફરિયાદ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી, અને ગુમ થયેલા કનકસિંહની બાઈક તાલુકાના ધાવટ ગામેથી મળી આવી. આ સંકેત સૂચવતો હતો કે કંઈક અજુગતું બન્યું છે. થોડા સમય બાદ, કુરાલી ગામ નજીક કેનાલ પાસેથી પ્લાસ્ટિકના કોથળામાં વીંટળાયેલી હાલતમાં કનકસિંહનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો.

પોલીસે આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે સઘન તપાસ શરૂ કરી. ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી, પોલીસને ગામના જ એક ઈસમ, રતિલાલ વસાવા પર શંકા ગઈ. રતિલાલની પૂછપરછ કરતા, આઘાતજનક સત્ય બહાર આવ્યું.

પોલીસ તપાસમાં ખુલાસો થયો કે રતિલાલે મૃતક કનકસિંહ પાસેથી વ્યાજે પૈસા લીધા હતા. વારંવાર વ્યાજ સાથે મુદ્દલ પરત કરવા છતાં, કનકસિંહ સતત પૈસાની ઉઘરાણી કરતા હતા. આ સતત દબાણ અને ઉઘરાણીથી રતિલાલ એટલો કંટાળી ગયો હતો કે તેણે કનકસિંહને મોતને ઘાટ ઉતારવાનું ભયાવહ કાવતરું ઘડ્યું.

હત્યાની રીત પણ એટલી જ ચોંકાવનારી હતી. રતિલાલે કનકસિંહને તેની બાઈક પર બેસાડીને કેનાલ પાસે લઈ ગયો. ત્યાં, તેણે દોરી વડે કનકસિંહનું ગળું દબાવીને તેની હત્યા કરી નાખી. આ ઘટના દર્શાવે છે કે કેવી રીતે આર્થિક સંકડામણ અને વ્યાજખોરીનું ચક્ર એક વ્યક્તિને ગુનાના માર્ગે ધકેલી શકે છે.

પોલીસે આરોપી રતિલાલ વસાવાની ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસ સમાજ માટે એક ચેતવણી સમાન છે. વ્યાજખોરીનું દૂષણ માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ સામાજિક અને માનસિક રીતે પણ વ્યક્તિને પાયમાલ કરી શકે છે. આ ઘટના એ પણ દર્શાવે છે કે આર્થિક વ્યવહારોમાં પારદર્શિતા અને કાયદાકીય માળખાનું પાલન કેટલું અનિવાર્ય છે, જેથી આવા કરુણ અંજામથી બચી શકાય. આશા રાખીએ કે આ કેસમાં ન્યાય મળે અને ભવિષ્યમાં આવા બનાવો અટકાવવા માટે સમાજ અને તંત્ર બંને સક્રિય ભૂમિકા ભજવે.

---

**હાઈવે પર મટીરીયલના ઢગલા મોતનું કારણ બન્યા; બે રાહદારીઓના મોત**

## જેતપુરપાવી: રેલ્વે કોન્ટ્રાક્ટરની બેદરકારીએ બે નિર્દોષોનો જીવ લીધો

**રેલ્વે** ફેન્સિંગની કામગીરીમાં સુરક્ષાનો અભાવ: જવાબદાર કોણ?

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.27
જેતપુરપાવી ખાતે હાલમા રેલ્વે તંત્ર દ્વારા ફેન્સિંગ વોલની કામગીરી ચાલી રહી છે, પરંતુ આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા નેશનલ હાઈવે પરજ રેતી, કપચી અને બાંધકામ મટેરીયલના ઢગલા ખડકી દેવામાં આવતા ગંભીર અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.



સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ રોડ પર રેતી, કપચી, તેમજ અન્ય મટેરીયલ નાખી દેવામાં આવ્યું છે છતાં કોઈ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા, બેરીકેટિંગ કે ચેતવણી સૂચક બોર્ડ મુકવામાં આવ્યા નહોતા. પરિણામે ગત રાત્રીએ થયેલા અકસ્માતમાં બે નિર્દોષ રાહદારીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

સામાન્ય નાગરિક જો પોતાના કામસર રોડની બાજુમાં વાહન ઉભું રાખે તો ટ્રાફિક પોલીસ તાત્કાલિક દંડ ફટકારે છે, પરંતુ આવા બેદરકાર કોન્ટ્રાક્ટરો સામે કાયદો કેમ નિષ્ક્રિય રહે છે તેવો સવાલ હવે જનચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ જાહેર માર્ગો પર કામગીરી દરમિયાન જરૂરી સુરક્ષા નિયમોનું પાલન ફરજિયાત બનાવવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ટાળી શકાય.

## 'રોડ નહીં તો વોટ નહીં': રોજવાના ૬૦૦ મતદારોએ લોકશાહીના પર્વથી અંતર જાળવ્યું

**એકપણ** મત ન પડતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઇ હતી

(પ્રતિનિધિ) છોટાઉદેપુ, તા.27
છોટાઉદેપુર જિલ્લાના બોરધા તાલુકા પંચાયત બેઠક હેઠળ આવતા રોજવા ગામે પાયાની સુવિધાઓના અભાવે વહીવટી તંત્ર સામે રણશિંગું ફૂંક્યું છે. વર્ષોથી બિસ્માર રસ્તાની સમસ્યાથી પીડાતા ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો. ગામના અંદાજે ૬૦૦ જેટલા મતદારોમાંથી એક પણ મતદારે મતાધિકારનો ઉપયોગ ન કરતા સમગ્ર જિલ્લામાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.





૩ કિમીનો જર્જરિત માર્ગ આક્રોશનું કારણ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રોજવા ગામને મધ્યપ્રદેશ સાથે જોડતો અંદાજે ૩ કિલોમીટરનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં છે. આ માર્ગ પરથી પસાર થવું ગ્રામજનો માટે કષ્ટદાયક બન્યું છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવતા હતા, જેના પરિણામે ગ્રામજનોએ આ વખતે 'મૌન વિરોધ'નું શસ્ત્ર ઉગામ્યું હતું.

અધિકારીઓ અને નેતાઓની સમજાવટ વ્યર્થ મતદાનના દિવસે સવારથી જ મતદાન મથક પર શૂન્યાવકાશ જોવા મળ્યો હતો. બપોર સુધી એકપણ મત ન પડતા મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક રાજકીય નેતાઓ તાત્કાલિક રોજવા ગામે દોડી ગયા હતા. ગ્રામજનોને મનાવવા માટે કલાકો સુધી સમજાવટના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. ગામના સરપંચે પણ પત્રકાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તેમણે લોકોને સમજાવવા પ્રયાસ કર્યો હતો અને રસ્તાનું કામ ટૂંક સમયમાં શરૂ થવાની ખાતરી આપી હતી, પરંતુ ગ્રામજનો પોતાની માંગ પર અડગ રહ્યા હતા.

"જ્યાં સુધી રસ્તો નહીં, ત્યાં સુધી મત નહીં" રોષે ભરાયેલા ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "અમે વર્ષોથી હાલાકી ભોગવી રહ્યા છીએ. હવે આશ્વાસન નહીં, નક્કર કામ જોઈએ છે. જ્યાં સુધી રસ્તો મંજૂર થઈ કામ શરૂ ન થાય ત્યાં સુધી અમે લોકશાહીની કોઈ પ્રક્રિયામાં ભાગ લઈશું નહીં." સાંજે ૫ વાગ્યા સુધી મતદાન પેટીઓ ખાલી રહેતા તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે.

### ધી બરોડા સેન્ટ્રલ કો ઓપરેટિવ બેન્ક 114 માં સ્થાપના દિવસની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ) શિનોર, તા.27
શિનોર તાલુકાના સેગવા મુકામે તાજેતરમાં જ ખુલેલી થી બરોડા સેન્ટ્રલ કો ઓપરેટિવ બેન્ક માં આજે ડિરેક્ટર દિલીપભાઈ પટેલ તથા સહકારી અગ્રણી દેવેન્દ્ર ઠાકરના હસ્તે કેક કાપીને બેંકના 114 મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. શિનોર મુકામે નિવૃત કર્મચારી દેવીન હસમુખ પટેલ તથા દામાપુરા મંડળીના પ્રમુખ ના હસ્તે કેક કાપીને ઉજવણી કરવામાં આવી, જ્યારે જિલ્લામાં આ બેંકની હેડ ઓફિસ સહિત કુલ 45 શાખાઓ છે અને જેનો કુલ નફો 16 કરોડ 21 લાખ થયેલ છે. સાધલી શાખામાં 22 મંડળીઓ કાર્યરત છે અને ચાલુ વર્ષે બ્રાન્ચ નો કુલ નફો 1,57 લાખ થયેલ છે. ડિરેક્ટર દિલીપ પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

---

## બોડેલી પાલિકાની પ્રથમ ચૂંટણી ૭૭.૬૯% જેટલું વિક્રમી મતદાન

**કુલ ૧૪,૦૧૫** મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કરી લોકશાહીના પર્વને ઉજવ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા.27
છોટાઉદેપુર જિલ્લાની નવરચિત બોડેલી નગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક સામાન્ય ચૂંટણી અત્યંત ઉત્સાહપૂર્ણ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત ગુજરાત રાજ્યમાં નવરચિત ૮ નગરપાલિકાઓ પૈકી જિલ્લાની દ્રષ્ટીએ છોટાઉદેપુર જિલ્લાની બોડેલી નગરપાલિકામાં સૌથી વધુ ૭૭.૬૯ ટકા જેટલું નોંધપાત્ર મતદાન નોંધાયું હતું.જે



બોડેલીના નાગરિકોની જાગૃતતા અને લોકશાહીમાં અડગ શ્રદ્ધા દર્શાવે છે.

ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકા બન્યા બાદ આ પ્રથમ ચૂંટણી હોઈ, સ્થાનિક રહીશોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી જ તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. જેમાં યુવા મતદારોથી લઈને વૃદ્ધો અને મહિલાઓએ મોટી સંખ્યામાં ઉમટી પડી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બોડેલી નગરપાલિકાના કુલ ૭ વોર્ડના ૨૮ ઉમેદવારો પૈકી ૬ ઉમેદવારો અગાઉ જ બિનહરીફ જાહેર થયેલ હોવાથી, બાકીની ૨૨ બેઠકો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સમગ્ર નગરપાલિકા વિસ્તારમાં કુલ ૧૪,૦૧૫ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં ૭,૩૩૮ પુરુષ મતદારો અને ૬,૬૭૭ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. ૭૭.૬૯ ટકા જેટલા આ વિક્રમી મતદાન સાથે બોડેલીએ રાજ્યની અન્ય નવરચિત નગરપાલિકાઓ સમક્ષ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**અકસ્માત સર્જી ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો**

## જેતપુરપાવી હાઈવે પર ટ્રેલર અડફેટે બે બાઈક સવાર યુવાનોના મોત

**જેતપુરપાવી** આરોગ્ય કેન્દ્ર ખાતે મૃતદેહો ખસેડાયા, પંથકમાં શોક

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.27
મધ્યપ્રદેશ ના કઠિવાડા વિસ્તારના રહેવાસી પરિવારજનો બાઈકો દ્વારા ચીલાવાડા બાબાદેવના દર્શન કરી પોતાના વતન પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન જેતપુરપાવી હાઈવે રોડ પર સ્વામિનારાયણ મંદિર સામે થી પસાર થઈ રહ્યા હતા તેવામાં પાછળ થી બેફામ ગતિએ દોડી રહેલા ટ્રેલર ટ્રકે બાઈક સવારોને જોરદાર ટક્કર મારતા એક બાઈક પર સવાર બન્ને



યુવાનો ના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા.ટ્રેલર નો ચાલક ગાડી મુકી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માતને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા મૃતકો ડેડ બોડી જેતપુરપાવી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી એમ અર્થે લઈ જવામાં આવી હતી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**તસ્કરો 7.50 લાખના દાગીના-રોકડ લઈ ફરાર**

## શિનોરના અવાખલ ગામે એક જ રાત્રે બે મકાનોના તાળા તૂટ્યા

**બાઈક** પર આવેલા ત્રણ બુકાનીધારી શખ્સોના ફૂટેજ આધારે પોલીસ તપાસ તેજ

(પ્રતિનિધિ) શિનોર, તા.27
વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં તસ્કરો બેફામ બન્યા છે. અવાખલ ગામમાં 27 તારીખે રાતે 4 કલાકની આજુબાજુ એક જ રાત્રે ત્રણ તસ્કરોએ બે બંધ મકાનોને નિશાન બનાવી લાખોની ચોરીને અંજામ આપતા પોલીસની કામગીરી પર સવાલો ઊભા થયા છે. બાઈક પર આવેલા બુકાનીધારી તસ્કરો CCTVમાં કેદ થતા હવે



પોલીસ તપાસ તેજ કરી છે.

શિનોરના અવાખલ ગામમાં સવારે અંદાજે 5 વાગ્યાના અરસામાં બનેલી આ ચોરીની ઘટનાએ ગ્રામજનોમાં ભયનો માહોલ ઉભો કર્યો છે. કુંભાર ફળિયામાં સુરેશ પટેલના બંધ મકાનનું તાળુ તોડી અને તિજોરી તોડી તસ્કરોએ અંદાજે 65 હજાર રૂપિયા રોકડ તથા આશરે 6 લાખ 75 હજારની કિંમતની બે સોનાની ચેન ચોરી કરી હતી. જ્યારે મંદિર ફળિયામાં ભદ્રેશ પટેલના મકાનમાં તોડફોડ કરી ચાંદીના સિક્કા મળી અંદાજે 10 હજાર રૂપિયાની ચોરી કરી હતી. આ રીતે કુલ મળી અંદાજે 7 લાખ 50 હજારથી વધુની ચોરીને તસ્કરોએ અંજામ આપ્યો છે. સમગ્ર ઘટના CCTVમાં કેદ થતા પોલીસે ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે. જોકે, સતત વધી રહેલી ચોરીની ઘટનાઓને લઈને શિનોર પોલીસના નાઈટ પેટ્રોલિંગ પર હવે ગંભીર સવાલો ઊભા થયા છે.

---

**છોટાઉદેપુર આરોગ્ય વિભાગ દ્વારા બચાવ માટે માર્ગદર્શિકા જાહેર**

## ગરમીમાં લુ/હિટ સ્ટ્રોકથી બચવા તેમજ સાવચેતી રાખવા શુ કરશો?

**તાપમાન** જ્યારે ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરે છે, ત્યારે હીટવેવની સ્થિતિ સર્જાય છે

(પ્રતિનિધિ) બોડેલી , તા.27
છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોને ગરમીની ઋતુમાં હીટવેવને ને કારણે સાવચેતીના પગલારૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા હીટવેવ સામે રક્ષણ મેળવવા માટે એક માર્ગદર્શિકા બહાર પાડી જરૂરી સૂચનોનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે મુજબ હીટવેવને કારણે કોઈ પણ સમયે કોઈ પણ વ્યક્તિ ગરમીના તાણ અને ગરમી સંબધિત બીમારીથી પીડાઈ શકે છે અને તેમને અન્ય કરતા અને વધારાનું ધ્યાન આપવું જોઈએ.

હીટ વેવ શું છે અને કેમ ખતરનાક છે ?

હીટ વેવ એટલે સતત બે કે તેથી વધુ દિવસ સુધી અસાધારણ ઊંચું તાપમાન. ગુજરાતમાં માર્ચ-એપ્રિલમાં તાપમાન 40Cથી વધુ થતાં હીટ



વેવની સ્થિતિ ઊભી થાય છે. હવામાન વિભાગ મુજબ, મેદાની વિસ્તારમાં 40C અને પહાડી વિસ્તારમાં 30Cથી વધુ તાપમાન હીટ વેવ ગણાય છે. આ સમયે હીટ સ્ટ્રોક, ડિહાઈડ્રેશન અને અન્ય આરોગ્ય સમસ્યાઓનું જોખમ વધે છે.

હીટ વેવના લક્ષણોમાં તીવ્ર માથાનો દુખાવો, ચક્કર આવવા કે બેહોશ થવું, શરીર ગરમ થવું (40Cથી વધુ), પરસેવો બંધ થવો, ઉબકા, ઉલ્ટી કે નબળાઈ, ઝડપી ધબકારા, શ્વાસ લેવામાં તકલીફ, ચામડી લાલ થવી કે રેશ થવો આ લક્ષણો દેખાય તો તાત્કાલિક ઠંડી જગ્યાએ લઈ જાઓ, પાણી/ઓઆરએસ આપો અને ડોક્ટર/૧૦૮ને બોલાવવી.

### હીટ વેવથી બચવા આટલુ કરો

દિવસમાં વારંવાર પાણી પીઓ, ભલે તરસ ન લાગે તો પણ.
છાશ, લીંબુ શરબત, ઓઆરએસ, નારિયેળ પાણી જેવા પ્રવાહી લો.
હળવા રંગના, સુતરાઉ, ઢીલા કપડાં પહેરો.
બપોરે 11થી 4 વાગ્યા સુધી તડકામાં ન જાઓ; જરૂરી હોય તો ટોપી/ચશ્મા વાપરો.
ઠંડા પાણીથી નાહો અને ઘરમાં પડદા/ખુલ્લી બારીઓથી ઠંડક જાળવો.
બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓની ખાસ કાળજી રાખો.

### હીટ વેવથી બચવા આટલુ ન કરો

બહાર નીકળતા પહેલા તરસની રાહ ન જુઓ.
આલ્કોહોલ, કોફી, ચા કે કાર્બોનેટેડ ડ્રિંક્સ ટાળો - તે ડિહાઈડ્રેશન વધારે છે.
ભારે કામ કે વ્યાયામ બપોરે ન કરો.
બાળકો/પાળતુ પ્રાણીઓને કારમાં એકલા ન છોડો.
ઘાટા રંગના કે ચુસ્ત કપડાં ન પહેરો.

ગુજરાતમાં હાલ તાપમાન ઊંચું છે અને હીટ વેવની ચેતવણી છે. હવામાન વિભાગની આગાહી અનુસરો અને સુરક્ષિત રહો. જીવન બચાવવું એ જ સૌથી મોટી જાગૃતિ છે

**કિરણભાઇ તડવીનું ઘર બળીને ખાખ, મોસાળું બળી જતાં પરિવાર લાચાર**

## ગણેશ્વર ગામે આગની ઘટના: મકાન સહિત અન્ય ઘરવખરી બળીને ખાક

**લગ્ન** પ્રસંગ માટે રાખેલ મોસાળુ પણ બળીને ખાક

(પ્રતિનિધિ) બોડેલી , તા.27
બોડેલી તાલુકાના ગણેશ્વર ગામના રામદેવ ચોક વિસ્તારમાં એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના સામે આવી છે, જેમાં અગમ્ય કારણોસર એક મકાનમાં અચાનક આગ લાગી હતી. આગ એટલી ભયાનક હતી કે થોડા જ સમયમાં આખું મકાન બળી ને ખાખ થઈ ગયું હતું. મળતી માહિતી મુજબ, આ મકાન કિરણ નાનજીભાઈ તડવીનું હોવાનું જાણવા મળ્યું છે. આગની ઘટનામાં ઘરનો તમામ સામાન, બાઈક



સહિત સંપૂર્ણ રીતે નાશ પામ્યો હતો. જેથી કરીને મકાન માલિક ખૂબ જ દુઃખી જોવા મળ્યો હતો.

ખાસ કરીને, ઘરમા રાખેલ રોકડ રકમ અને લગ્ન પ્રસંગ માટે રાખવામાં આવેલ મોસાળુ પણ આગમાં બળી જતાં પરિવારને ભારે નુકસાન થયું છે. હવે ચિંતા નો વિષય એ છે કે લગ્ન પ્રસંગ માં ઉપયોગ કરવા માટે મોસાડુ તથા જે પૈસા બળી ગયા છે ત્યારે આ લગ્ન કઈ રીતે પોતાનો વ્યવહાર સંભાળશે એ ચિંતામાં પરિવાર આજે પડ્યું છે અને આ રીત બનાવ બનતા પરિવાર માટે ખૂબ જ ચિંતાનો વિષય બન્યો છે આ ઘટનાને પગલે ગામમાં શોકનું માહોલ છવાઈ ગયો છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.